## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

ગુંડા કરે ગેલ જેલમાં, મુક્ત જેમ ફરે છે કોણ?
તરે એના ટેકાથી કડક પગલાં ભરે છે કોણ?
ચરે બાપનું ક્ષેત્ર સમજી, નિર્દોષ મરે છે કોણ?
આતંકીને પણ પંપાળે, કાયદાથી ડરે છે કોણ?
(ગુનાઇતો ને રાજકીય રક્ષણ)

### હાઈકુ

પરિવર્તન?!
લાગ્યાં જીતનાં ફળ -
ને નમ્યા નમો..
(રાષ્ટ્રીય નેતાની નમ્રતા..)

થ્રી ડી ની ટ્રીક
ને સફળ હેટ્રીક -
અભિનંદન..
(અભૂતપૂર્વ વિરાટ વિજય)

## ચિંતન

**બ્રાહ્મા ગણકા વેશ્યાં સારેમયાશ્વ કુક્કુણઃ ।**
**દૃષ્ટેષ્વન્યેષુ કુપ્યન્તિ ન જાને તસ્ય કારણમ્ ॥**

'બ્રાહ્મણો, જોશીઓ, વેશ્યાઓ, કૂતરાં અને મરઘાં એટલાં બીજાને, કોઇ અજાણ્યાંને જોતાં જ કારણ વિના કુપિત - ગુસ્સે થઇ જાય છે એના પાછળનું રહસ્ય શું છે એ કોઇ જાણતું નથી.'

બ્રાહ્મણ-વિદ્વાન હોય-પંડિત હોય-કર્મકાંડનો જાણકાર હોય, પવિત્ર-અપવિત્રની રીતી-નીતિનો જાણકાર હોય એટલી સમજને કારણે કોઇ નિર્દોષ રીતે પણ જરા જેટલી ભૂલ કરે તો બ્રાહ્મણ ગુસ્સે થઇ જાય છે.

જોષી-જ્યોતિષી ગ્રહોની ચાલ અને પોતાના હાલના જાણકાર હોય છે તેથી અસહ્ય પરિસ્થિતિમાં વાત વાતમાં ગુસ્સે થઇ જાય છે.

વેશ્યાની સાથે બદનામી જોડાયેલી જ હોય છે તેમ છતાં પોતાનો સ્વભાવ અને ચારિત્ર્ય શુધ્ધ છે એવું ચિત્ર ઉપસાવવા કોઇ અજાણ્યાને જોઇને તરત જ ઉશ્કેરાઇ ગુસ્સે થઇ જાય છે.

કૂતરાં-મરઘાં પાસેથી કોઇને કંઇ જ લઇ લેવાનું હોય, પણ એ લોકોએ પોતાની નક્કી કરેલી કાલ્પનિક સીમા-મર્યાદામાં કોઇ નિર્દોષ ગાય-બકરી કે અજાણ્યું કૂતરૂં-ગધેડું કે માણસ પેસી જાય તો પણ વિના કારણ કતરાય છે અને પોતાનો વિરોધ નોંધવાના સહેજ પણ ઘૂરકાટ તો કરે જ છે.

આમ બ્રાહ્મણ, જોષી, વેશ્યા, કૂતરાં અને મરઘાં કારણ વિના ગુસ્સે થતાં હોય છે.

## સુવિચાર

- આપણે જેમ જેમ જીવનમાં પ્રગતિ કરતાં જઇએ તેમ તેમ આપણને આપણી મર્યાદાઓનો પણ-યોગ્યતાઓનો પણ ખ્યાલ આવતો જાય છે - **ફ્રાઉિદ**
- યોગ્યતાને પૂરવાર કરવા માટે પણ યોગ્ય અવસરની પ્રાપ્તિ આવશ્યક છે - **નેપોલિયન**
- સામાન્ય કામ પણ બુધ્ધિપૂર્વક અને ચીવટથી કરવાથી જ 'યોગ્યતા' સાબિત થાય છે - **સ્વામી રામાનંદ**
- આપણી 'યોગ્યતા' દુર્જનોમાં દ્વેષ ઉત્પન્ન કરે છે પણ સજ્જનોમાં સદ્ભાવ - **ફિલ્ડીંગ**
- 'યોગ્ય' રીતે અને 'યોગ્યતા' પ્રમાણે વ્યતીત કરેલાં જીવનનાં વર્ષો ઉંમરથી નહીં કાર્યથી-કર્મના ધોરણે મપાવાં જોઇએ. - **શેરીડન**
- માણસના વાણી અને વર્તનથી જ તેની 'યોગ્યતા' નો અંદાજ આવી જાય છે- **એસ.ભટ્ટાચાર્ય**
- તમને જે કંઇ જોઇએ તે તમારી 'યોગ્યતા'થી પ્રાપ્ત કરો, બળ, દબાણ કે તલવારથી નહીં - **શેક્સપિયર**

## બોધ કથા

જીવનમાં દોડદોડ, નોકરી-ધંધા અને સ્વાર્થમાં, સંબંધો એટલા બધા સંકુચિત થઇ ગયા છે પોતાના નજીકના સ્નેહી-સંબંધીને પણ આપવા માટે આપણી પાસે સમય નથી. એક 'સ્મિત'ની ભૂખ કે બે શબ્દ પ્રેમના પણ નથી પરિણામે એક છત્ત નીચે કે આસપાસમાં રહેતાં સ્નેહીઓના હૃદય-મન ઊંચા જ રહે છે... પ્રેમ-હૂંફ-વાત્સલ્યને અભાવે સ્વભાવ અતડા-લૂખા અને નિરસ થઇ જાય છે.

કલકત્તા નજીકના એક ગામડાંમાં, એક નિવૃત્ત સૈનિક યુવાન રહેતો હતો. તેનો સ્વભાવ ખૂબ ઉગ્ર થઇ ગયો હતો. એકલો-અતડો અને બિમારીથી વધારે કડક થઇ ગયો હતો. ઝૂંપડી ગંધાતી હતી. અડોશપડોશ તેના ઉગ્ર સ્વભાવને કારણે કોઇ તેની નજીક તો શું - બોલાવતાં પણ નહીં.

એકવાર મધર ટેરેસા ત્યાં આવ્યાં. યુવાન વિશે જાણ્યું. યુવાનના વિરોધ છતાં એની ઝૂંપડી સાફ કરી, ફૂલ લાવ્યાં. સુંદર લેમ્પ હતો તે પણ પેટાવ્યો. સતત ત્રણ-ચાર દિવસ આવ્યાં અને યુવાન સાથે પરાણે પરાણે વાતો કરતાં.

યુવાનને પણ પ્રેમ ભીના બે શબ્દોની હૂંફ મળતાં સ્વભાવમાં થોડો ફર્ક પડ્યો.

મધરે લાગ જોઇ પૂછ્યું, તું ઝૂંપડી ગંદી કેમ રાખતો હતો? આવો સુંદર લેમ્પ હતો છતાં અંધારામાં કેમ રહેતો હતો?

યુવાન કહે, મને જોવા-મળવા કે વાતો કરવા કોઇ આવતું જ નો'તું. તમે પ્રથમવાર આવ્યાં. મારી જિંદગીમાં તમે જ જાણે પ્રથમવાર દિવો પ્રકટાવ્યો છે.

# સર્જનાત્મકતાના શિખરે સાહિત્ય, નાટ્ય અને પત્રકારત્વનો અનોખો સંગમ... કયારેક તો મળી જૂઓ આ મહાનુભાવોને...

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### ● સર્જક સેતુ

સુકલકડી શરીર છતાં અંદરની અભકેભર્યો સભર માનવી, મર્માળુ હાસ્ય જેના હોઠ પર રમતું સૌંદર્ય તમે જોઇ શકો. જીવનનો તાગ મેળવા માટે અથાગ પુરૂષાર્થ બનીને સતત સંઘર્ષરત એવો એક સર્જક આંખોમાં અજંપો અને અભાવ લઈ ફરતો એક એવો કલાકાર જે પોતાના સર્જક દ્વારા કોઈ એવું મર્મસભર સંવેદન લઈને આવે છે ત્યારે પોતાની વૈવિધ્યસભર સર્જનો દ્વારા દેશકાળ કે ભાષાની તમામ સરહદો ઓળંગી આગળ નીકલી જાય છે કારણ કે, તેણે ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને અંગ્રેજી એમ ચાર ભાષાના શબ્દોને અવળી લિપિમાં લખવાની કળાને હસ્તસિધ્ધ કરી છે, અને અક્ષરો પણ મોતીના દાણા જેવા કાઢે છે, તમે તેને ઓળખી તો ગયા જ હશો, છતાં હૈયે હોય ને હોઠે નામ ન આવતું હોય તો લ્યો હું જ કહી દઉં, હાં, હું તમને ડૉ. કનૈયાલાલ ભટ્ટની વાત કરી રહ્યો છું.

આ ડૉ. કનૈયાલાલ ભટ્ટ આજે ગુજરાતમાં છે પરંતુ જો લંડન કે અમેરિકામાં હોત તો તેમની ગણના ત્યાંના ટોચના વ્યક્તિઓમાં થતી હોત. કારણ કે તેઓ હાલ ૧૮ કલાક કાર્ય કરે છે. રાત્રે ચારથી પાંચ કલાક સુએ છે. દરરોજ રાત્રે બે વાગ્યા સુધી જાગી ઈન્ટરનેટની દુનિયામાં, સાહિત્યની દુનિયામાં કયારેય કવિની કલ્પનાની દુનિયામાં વિરહતા હોય છે.

પત્રકારત્વ ક્ષેત્રે તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ફર્સ્ટ કલાસ સાથે ડિપ્લોના ઈન જર્નાલિઝમનું ભણ્યા છે. છેલ્લા વીસ વર્ષથી 'સન્ડે ટૂ સન્ડે' સાપ્તાહિકના તંત્રી તરીકે કાર્યરત છે, તેઓ એક આખું અખબાર સંભાળી શકે તેવી ક્ષમતા ધરાવે છે. સમાચારોની યોગ્યતા, તેનાં શિર્ષકો, લે-આઉટ, ડિઝાઈન જેવી બાબતોનું ટેકનિકલ જ્ઞાન અને વર્તમાન પ્રવાહોમાં જૂનાં મૂલ્યો, સંસ્કારોને જાળવીને નવાં પરિવર્તનો, નવા આવિર્ભાવો તથા નવાં મૂલ્યોને પણ એ સ્વીકારે છે. અને તેથી જ દેશની અનેક યુનિવર્સિટીઓમાંથી વ્યાખ્યાનો આપવા તેમને નિમંત્રણ મળે છે. ગોવા, આસામ, મદ્રાસ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ વિગેરે જગ્યાએ તેઓ વ્યાખ્યાન આપી ચૂક્યાં છે.

સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં કલમ ચલાવી ચૂકેલાં સર્જક, કવિતા, નાટક, વાર્તા, વિવેચન, એકાંકી, અનુવાદ ક્ષેત્રે અનેક સિધ્ધિઓ હાંસલ કર્યા બાદ હાલમાં નવલકથા અને આત્મકથા પણ લખી રહ્યાં છે.

આ સર્જકની એક ખાસિયત એ છે કે તે સારા ચિત્રકાર પણ છે. ખૂબ જ મોટા મોટા પેઈન્ટિંગ્સ તેમણે બનાવેલા છે. જે તેમના ધ્રાંગધ્રાના મકાનમાં છે. તો વળી, સંગીતની કોઈ પણ પ્રકારની તાલીમ લીધા વિના તેઓ વાંસળી પણ સરસ વગાડી શકે છે. એ કદાચ તેમના નામના પ્રભાવને કારણે વારસામાં મળ્યું હોય એમ લાગે છે.

અનેક સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે સંકળાયેલાં આ સર્જક રાષ્ટ્રીય સ્તરે હિન્દી પ્રચાર કાર્ય સાથે જોડાયેલી સંસ્થા 'અખિલ ભારતીય હિન્દી પ્રચાર પરિષદ'ના અધ્યક્ષ છે. એ જ રીતે કલા, સંસ્કૃતિક્ષેત્રે પણ 'સાબરકાંઠા જિલ્લા સાંસ્કૃતિક કલા મંડળ'ના અધ્યક્ષ, ચિંતકઆર્ટ અકાદમી ધ્રાંગધ્રાના મંત્રી, 'સાબર સાહિત્ય સભા'ના સંયોજક તરીકે પણ સક્રીય સેવાઓ આપે છે. દિલ્હી કેન્દ્રીય હિન્દી નિર્દેશાલય દ્વારા તેમણે 'ગુજરાતી-હિન્દી શબ્દકોશ'નું સંપાદન-નિર્માણ કાર્ય પાંચ વર્ષ સુધી કર્યું છે. અને ભારતીય ભાષા કોશમાં પણ ગુજરાતીના તજજ્ઞ તરીકે કામગીરી કરી છે. તેમનાં એક હાસ્યના પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીનું વર્ષ ૨૦૦૯નું પારિતોષિક મળેલું છે. વળી કવિતા, નાટક અને વાર્તા ક્ષેત્રે રાજયકક્ષાના આઠ તથા યુનિવર્સિટી - પ્રાદેશિક અને જિલ્લા કક્ષાના ૩૫ જેટલાં પુરસ્કારો એવોર્ડ્સ મળેલા છે.

ગુજરાત અને ભારત સરકાર દ્વારા યોજાતી ગુજરાતી - હિન્દી સાહિત્ય શિબિરોમાં તેઓ માર્ગદર્શક, વિશેષજ્ઞ, નિર્ણાયક તરીકે છેલ્લા વીસ વર્ષથી કાર્યરત છે. તેમજ વિવિધ સંમેલનો, અધિવેશનોમાં તેમણે વ્યાખ્યાનો આપેલાં છે તેમજ શોધપત્રો પ્રસ્તુત કર્યાં છે. સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક સમારોહનું આયોજન સંચાલન પણ તેઓ સફળતા પૂર્વક કરી જાણે છે. તેમણે ત્રણેક વર્ષ પહેલાં હિંમતનગરમાં 'સાબર સાહિત્ય સભા' દ્વારા એકલા હાથે એક સાથે ૨૩ પુસ્તકોનો ભવ્ય વિમોચન સમારોહ સફળતા પૂર્વક યોજયો હતો. ડૉ. ભટ્ટની ખાસિયત એ છે કે તે કોમ્પ્યુટરનું સંપૂર્ણ જ્ઞાન ધરાવે છે. ફોટોશોપ ડિઝાઈનીંગના એ માસ્ટર છે. કોમ્પ્યુટરનું તેમનું ક્રિએટીવ વર્ક જોવા માણવા જેવું છે. પુસ્તકોના અદ્‌ભૂત ટાઈટલો અને લે-આઉટ કરવામાં ડિઝાઈન કરવામાં તેઓ માહેર છે. તેમની ઈચ્છા ગુજરાતી ભાષાને વૈશ્વિક સ્તરે લઈ જવાની છે. યુવા પેઢીને આ સર્જક એક માર્ગદર્શન તરીકે કલમ દ્વારા નવો રાહ ચીંધે છે. તેઓ એવા સાહિત્યનું સર્જન કરવા માંગે છે અને એવું અખબાર શરૂ કરવામાં માંગ છે. જે વૈશ્વિક સ્તર સુધી ફેલાય. તે માટેનો અડગ વિશ્વાસ અને નિષ્ઠાના દર્શન આપણને તેમના વ્યક્તિત્વમાં થયા વિના રહેતાં નથી. તેઓ જેને મિત્ર તરીકે મળે તે ધન્યતા અનુભવે તો કંઈ નવીનતા જેવું ન ગણાય.

### ● મન મૂકી આવો...

કોઈ મને મૂકી આવો એવા સ્થળે
જયાં માટી જેવું મળે!
ઊંડા ચીરા હોય ચાસના તોય ખેતરને
લેણું ખાતર હળે!
નીંધલના ખેતરની મઘમઘ ફોર લઈ કોને ઊડે છે
કોઈ અચાનક ઊંઘમાં આવી ઘઉંના પૂળા ઝૂડે છે
કોણ મને ગાંસડીએ બાંધે
કોણ ઉપણે ખળે?
થોડો પણ વરસાદ પડે ને વગડો આખો ઉઘલે છે!
માણસ નામે ગ્રંથ મીંઢો જે કયાં કદિએ ઉકલે છે?
ઝાડ એવું બોલો ત્યાં તો
લીલું વાદળ ઢળે !...
બહાર ભલે અકબંધ લાગે અંદર તૂટી ગયું છે
પ્રશ્ન માત્ર પાણીનો નથી મન જ ખૂટી ગયું છે
કયાં જઈએ, કોને જઈ કહીએ?
દવ ડુંગરમાં મળે...

- દલપત પઢિયાર

### ● પ્રહાર વૃક્ષ છે!

કુદરતનું એક અણમોલ હા! નિખાર વૃક્ષ છે,
માનવીની જિંદગીનો પ્રાણાધાર વૃક્ષ છે.
ચોમેર શોભતી જુઓ હરિયાળી લીલીછમ્મ,
સારીયે કાયનાતની બહાર વૃક્ષ છે.
સહીને અપાર યાતના ય છે અટલ સદા,
અર્પી બધાંને છાંય હા! ઉપકાર વૃક્ષ છે.
પગટાવી હેત-હૂંફનું જાણે વિશાળ આભ,
રૂપાનાં પક્ષીનો મીઠો ટહુકાર વૃક્ષ છે.
ભઈ જન્મથી તે છેક લગ આ જિંદગાનીમાં,
પ્રત્યેક અવસરે દીપે સહકાર વૃક્ષ છે.
આરંભથી તે અંત લગ માણસને ખપ આવે,
માનવનું તોય કાં બને પ્રહાર વૃક્ષ છે?

- ભરત કવિ 'ઊર્મિલ'

### ● કરૂણા (ગઝલ)

નવાં છે દુ:ખો આ દુ:ખાવે દુ:ખાવે
સહ્યાં છે દુ:ખો આ લગાવે લગાવે
તર્યા સાગરો આ હલેસાં વિના તો
ખુમારી નવી છે પડાવે પડાવે
પ્રણથી જિગરની તરસ ખૂબ લાંબી
મળ્યું મૃગજળ ત્યાં તળાવે તળાવે
કહે છે બધાં છે વિભુ એક જ તોયે
મિથ્યા જિંદગી ગઈ નમાવે નમાવે
ફરી જિંદગીમાં મળ્યો ધ્રુવ તારક
અડગ રહ્યા દરેક ઘાવે જ ઘાવે
તને જિંદગી શોધતો જિંદગીભર
અમર મોત થાતું ધરાવે ધરાવે
હજી જાગતાં કેમ 'ઈશત્' તમે તો
કરૂણા તિમિરને હટાવે હટાવે

- ડો. પ્રદિમ આઝાદ

### ● વૃક્ષો તેથી ગમતાં

ના નમે છે માણસ, વૃક્ષો ડાળે ડાળે નમતાં;
નિયતિ તારા બાગ બગીચે વૃક્ષો તેથી ગમતાં.
માણસ આડો અવળો ચાલી, અવળાં કામો કરતો;
ફળ ફૂલ આપી હસતાં રહેતા, વૃક્ષો તેથી ગમતાં.
વાયુ નાખે વીજણો રૂડો, પર્ણો ફરફર થાતાં;
તડકો વેઠી છાંયો આપે, વૃક્ષો તેથી ગમતાં.
ભર ચોમાસે પલળી પોતે, છત્રી થઈને ઊભાં;
જીવ માત્રની છત્ર છાયા એ, વૃક્ષો તેથી ગમતાં.
અંગારવાયુ પોતે લઈને, પ્રાણ વાયુને છોડે;
સ્વાસ્થ્ય અમીરસ પ્યાલો છે એ, વૃક્ષો તેથી ગમતાં.

- બાબુદાન ગઢવી 'બાગ'

# એક વિશિષ્ટ રાજકીય પક્ષ : K.B.D (કોના બાપની દિવાળી) નો ઉદય... તેનું ઘોષણાપત્ર

## કટાક્ષિકા

- અનંત ન. વ્યાસ

કાંતિભાઈ કોંજળીવાળા. અમારા મંડળીના સભ્ય. લોકો તેને તુક્કાબાજ તરીકે જ ઓળખે. તેના મનમાં અવારનવાર નવા નવા તુક્કાઓ ઊઠે. હમણાં હમણાં તેમનાં મનમાં નવાં સોલો પડ્યો છે. આપણે એક પોલિટિકલ પાર્ટી સ્થાપવી. કારણ શું? તો કહે, 'હમણાં 'ક' વાળાં જોરમાં છે. કેશુબાપા. કનુભાઈ કલસરિયા ને કેજરીવાલ.'

સૌથી પાર્ટી ચાલી. તો કાંતિ કોંજરીવાળાની પણ ચાલે. આપણને કોણ ઓળખે એમ ન માનવું. છાપામાં નામ આવે કે ઓળખાણ થતી જાય. કાંતિભાઈએ તો આ પાર્ટીનું નામ પણ 'ક' પરથી જ પસંદ કર્યું છે. પાર્ટીનું નામ છે. કે.બી.ડી. **K.B.D** = (કોના બાપની દિવાળી).

આ પાર્ટી માટેનું ઘોષણાપત્ર ઘડવાનું કામ અમને જ સોંપાયું. કાંતિભાઈ માને છે કે માત્ર ઘોષણાપત્રના આધારે જ ચૂંટણી જીતી જવાય. ઘોષણાપત્ર એવું હોવું જોઈએ જે વાંચીને લોકો મત આપવા દોડતાં આવે. ભાષણો... રેલીઓ... તથા નેતાઓના બફાટ કરતાં ઘોષણાપત્રની અસર વાસ્તવિક રૂપે પડે છે. ભગવાન શ્રીકૃષ્ણના સુદર્શન ચક્ર જેમ તે ચારે તરફ ફરી વળવું જોઈએ. ઘર-ઘર જેમ તે ચારે ફરી વળવું જોઈએ. ઘર-ઘર ઘોષણાપત્રનો પાઠ થાય. વારંવાર ગાન સાથે રજૂ થાય. તો તેની અસર પડવાની'.

કાંતિભાઈની આ વાત અમારે ગળે શીરા જેમ ઉતરી ગઈ. એમ બીડું ઝડપી લીધું. અથાગ - મહેનતના અંતે આ ઘોષણાપત્ર તૈયાર થયું છે. આ તો માત્ર તેની આછી ઝલક છે. પૂર્ણપત્ર તો પાર્ટીના મેમ્બર થનારને પ્રથમ મળશે... તો વાંચો અમારી પાર્ટી... **K.B.D.** 'કોના બાપની દિવાળી' નું વિશિષ્ટ ઘોષણાપત્ર...

### કે.બી.ડી. પાર્ટીનું ઘોષણાપત્ર

આ ઘોષણાપત્ર બે વિભાગમાં છે. ધારાસભ્યો - સાંસદો માટે તથા સામાન્ય જનતા માટે.

#### 'અ' વિભાગ - ધારાસભ્યો - સાંસદો માટે ફક્ત...

જો કે.બી.ડી. (કોના બાપની દિવાળી) પાર્ટી સત્તા પર આવશે તો... તે વચન આપે છે કે...

(૧) દરેક સભ્યશ્રીને પાંચ ગુન્હા મુક્તિ આપવામાં આવશે.

(૨) દરેક સભ્યશ્રીને પરવાના વિનાની રિવોલ્વર રાખવાનો ને જાહેર જનતા સામે તાકવાનો હક્ક મળશે.

(૩) સભ્યોને જે આવાસો ફાળવવામાં આવ્યાં હોય તે ભેટ ગણાશે. સરકાર ખાલી નહીં કરાવી શકે. સંતાનોને વારસામાં આપી જવાશે.

(૪) રાજયોના પાટનગરમાં દરેક સભ્યને ૪૦૦ ચો.મી.નાં પ્લોટ તથા તેમાં પાંચ રૂમનું મકાન બાંધી આપવામાં આવશે...

(૫) દરેક સભ્ય પોતે ઈચ્છે તેટલો પગાર તથા ભથ્થાં લઈ શકશે. તે માટે ધારાગૃહોમાં હાજર રહેવાની જરૂર નથી.

(૬) સભ્યશ્રીની નિવૃત્તિ કે નિધન પછી તેનો એક વારસદાર આપોઆપ તેની જગા લઈ લેશે... તેને ચૂંટાવાની જરૂર નથી. સભ્યપદ વંશ-પરંપરાગત જાળવી શકાશે...

(૭) સભ્યશ્રીના પત્ની - પુત્ર - પુત્રી તથા જમાઈ વિશિષ્ટ દરજ્જો ધરાવતાં નાગરિકો ગણાશે. જો તેઓ કોઈ નાની મોટી ચૂંટણીમાં ઊભાં રહે તો બીન-હરિફ ચૂંટાવાનો અધિકાર ભોગવશે...

(૮) સભ્યશ્રીઓ પોતાના અથવા તેઓનાં કુટુંબીજનોના નાનામાં નાના રોગ માટે સરકારી ખર્ચે વિદેશોમાં જઈ સારવાર લઈ શકશે. સારવાર માટે ઓછામાં ઓછી બે વ્યક્તિને સાથે લઈ જઈ શકાશે.

(૯) ચૂંટણીપંચ સમક્ષ પોતાની મિલ્કત જાહેર કર્યા પછી સરકારી કોઈ પણ સભ્યની આવક કે મિલ્કત અંગે કયારેય તપાસ નહિ કરાવે.

(૧૦) સભ્યશ્રી પોતાની વધારી ગેરકાયદે મિલ્કતને કોઈ પણ દેશની બેંકમાં જમા કરાવી શકશે. આ માટે ત્રણ દેશો તથા બેંકોની પસંદગી કરવાની સભ્યોને છૂટ રહેસે...

(૧૧) સભ્યશ્રીનો કાફલો પસાર થાય ત્યારે વાહન-વ્યવહાર બે કલાક માટે બંધ રાખવો ફરજિયાત બનાવાશે.

(૧૨) સભ્યશ્રીની ગાડીને ઓવરટેક કરવી તે મોટો ગુન્હો ગણાશે. તે માટે પાંચ વર્ષની સજા થઈ શકશે... માત્ર શબ-વાહિનીને આવી છૂટ મળશે.

(૧૩) સભ્યશ્રીઓનાં સંતાનોનો વિદેશમાં અભ્યાસનો તમામ ખર્ચ સરકાર ભોગવશે. અભ્યાસને નામે વિદેશોમાં રખડી પાછા આવનાર નબીરાઓ ઉચ્ચ સ્થાનની નોકરી મેળવવા પાત્ર ગણાશે.

(૧૪) દરેક સભ્યશ્રીને બે ગાડી પુરી પાડવામાં આવશે. તેમાં લકઝરી કાર પોતાના માટે તથા 'શાકભાજી ટ્રાવેલ્સ' બાળ-ગોપાલને ફરવા માટે અપાશે. આનો ખર્ચ સરકાર ભોગવશે.

(૧૫) દરેક સભ્યશ્રીને તમામ ટેક્સ ભરવામાંથી આજીવન મુક્તિ આપવામાં આવશે.

(૧૬) જે સભ્યશ્રી સભાગૃહને વારંવાર ખોરવી નાખે તેને વીર - સાંસદનો ઈલ્કાબ અપાશે.

(૧૭) દરેક સભ્યશ્રી પોતાની ગાડી પર **P.P.I.P.** નું પાટિયું લગાવશે. (પુઅર પર્સન ઑફ ઈન્ડિયન રિપબ્લિક)

#### 'બ' વિભાગ - જનતા માટે

(૧૮) રાષ્ટ્રના તમામ કુટુંબોને એક સો ચોરસ મીટર જમીન મફત આપવામાં આવશે.

(૧૯) સરકાર જીવન - જરૂરી વસ્તુઓના ભાવ નીચા બાંધશે. તે ભાવે વસ્તુ મેળવવાની જવાબદારી નાગરિકની રહેશે.

(૨૦) સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વરસમાં બે વખત ઘટાડો કરશે - ઘટાડો ૨.૫% જેટલો હશે.

(૨૧) દરેક શહેર તથા ગામડામાં 'બાપની દુકાન' નામે દુકાન ખોલાશે તેમાં સરકારી ભાવે વસ્તુ હશે તો મળશે.

(૨૨) વીજ-ચોરીના નામે પ્રજાને કરાતી હેરાનગતિ પર પ્રતિબંધ મુકાશે. દરેક કુટુંબને ૨૫ યુનિટ મફત વાપરવા અપાશે.

(૨૩) ધાર્મિક ઉત્સવોની ઉજવણીમાં સમયનું કોઈ નિયંત્રણ નહીં હોય. રસિયા સારી રાત રમી શકશે.

(૨૪) અનામત અંગે સરકાર ઉદારનીતિ અપનાવશે. વાણિયા, બ્રાહ્મણ, પટેલ, ક્ષત્રિયો - સૌને અનામતનો લાભ મળશે.

(૨૫) દબાણના નામે નાના-વેપારી, લારી-ગલ્લા તથા પાથરણાવાળા, શાકભાજી વાળા - કોઈને હેરાન નહિ કરાય, સરકારી જમીન પર ધંધાદારી કે ઘરધણી ફાવે તેવું દબાણ કરી શકશે. ધંધો ચાલવો જોઈએ તેમ સરકાર માનશે.

(૨૬) પ્રજાની તંદુરસ્તી જળવાય તે માટે 'દવા કરે તે ડૉકટર' તેવી નીતિ અપનાવાશે. બૉગસ ડૉકટર નહિ રહે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# રમતવીરોને રમતમાં આંતરરાષ્ટ્રીય ધોરણો અને તેને આંબવાના રીતરસ્તા અંગે યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી છે...

## યુવાનો અને રમત-ગમત...

- ડો. અરવિંદ કોરડે

રમત-ગમત, કવાયત, વ્યાયામ, વર્જીન સ્પર્ધા અને નવનવા સાહસ એ માનવ જીવનના અવિભાજ્ય અંગ સમાન છે. પ્રાચીન ભારતનાં લગ્નો પણ સૂરવીરતા ચકાસીને એટલે કે સ્વયંવર રચીને થતા. પ્રાચીન ગ્રીસમાં **'gladiators'** શૂર-સૂભટોની ખૂનખાર રમતો યોજાતી ત્યારે રમત-ગમત અને વ્યાયામ જીવનની તાલિમનો અત્યંત અગત્યનો હિસ્સો ગણાતા. રમતો અને વ્યાયામ શારીરિક ઘડતરની સાથે સાથે વ્યક્તિનું માનસિક ઘડતર પણ કરે છે. રમતો અને વ્યાયામ વ્યક્તિના આંતરિક આવેગોને કેળવે છે. રમતવીર શાંત, સમજુ, વિચારશીલ, વિનયી અને સમતુલન હોય છે તેવી જ ગ્રીક ચિંતક એરીસ્ટોટલે કહ્યું છે : **'Sound mind in sound body.'** જે સમાજમાં સ્વસ્થ, સાહસિક, પરાક્રમી અને ધ્યેય નિષ્ટ-ખમીરવંતા યુવાધન પેદા કરવા, વિશ્વના બધા જ સમુદાયોમાં ભિન્ન-ભિન્ન રમતો અને વ્યાયામની પ્રવૃત્તિ પેદા કરવામાં આવે છે. આ રમતોમાં પ્રાણ પુરવા, જોમ વધારવા, વિશ્વમાં ભ્રાતૃભાવ વધારવા પ્રત્યેક ચાર વર્ષે વિશ્વની રમતગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, જે વિશ્વ ઓલિમ્પિકના નામથી જાણીતી છે.

ગત જુલાઈ ૨૭થી ઓગસ્ટ ૧૨ (૨૦૧૨) દરમિયાન લંડન ખાતે આવી, વિશ્વની ૨૭મી ઑલિમ્પિક રમત સ્પર્ધાઓ યોજાઈ ગઈ. ભારતનાં ૮૦ સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાંથી કેવળ છ સ્પર્ધકો જ ચંદ્રક વિજેતા થઈ શક્યા. આ છ ચંદ્રકમાં બે રજત અને ચાર કાસ્ય ચંદ્રક છે. આપણો એક પણ રમતવીર સુવર્ણચંદ્રક જીતી શક્યો નહિ. ભારતની ૧૨૫ કરોડની વસ્તી અને વિશાળ કરોડની વસ્તી અને વિશાળ દેશનું ૩૧, ૬૬, ૪૧૪ના ચોરસ કિ.મી. ક્ષેત્રફળને નજરમાં રાખવા ઓલિમ્પિલક સ્પર્ધામાં ભારતે કરેલા દેખાવ ખૂબ જ નિરાશાપૂર્ણ કહેવાય.

વિસંગતીની વાત તો એ છે કે ભારત કરતા બધી રીતે નાના અને અલ્પ વિકસિત દેશો ઈથોપિયા, કેન્યા, યુગાન્ડાએ પણ નોંધ પાત્ર વિજય મેળવ્યા છે. જયારે કેરેબિયન સમુદ્રમાં આવેલા (નાના ટાપુ) તદ્દન નાના જમૈકા દેશે પણ ચાર સુવર્ણ ચંદ્રક જીતી લીધા છે. ચીન અને ભારત વચ્ચે રાજકીય, ભૌગોલિક અને જીવનશૈલીમં ઘણા સામ્ય હોવા છતાં ચીનને ભારત કરતા છ વર્ષ પછી સ્વતંત્રતા મળી છતાં તેમજ તે ભારત કરતાં ઘણું મોડું ઑલિમ્પિકમાં જોડાવું હોવા છતાં ચીન આ સ્પર્ધામાં ૮૭ ચંદ્રકો જીતીને વિશ્વમાં બીજા ક્રમાંકે આવ્યું છે.

ખેલ ક્ષેત્રે ભારતનું આટલી હદે ધોવાણ-દુર્દશા ગંભીર ચિંતન માગી લે છે. યુધ્ધો અને સ્પર્ધાઓ ઊંચા જુસ્સા અને પ્રબળ આત્મ વિશ્વાસથી જીતાતા હોય છે. કદાચ આપણા યુવાન રમતવીરોમાં જુસ્સો અને પ્રબળ આત્મવિશ્વાસનો અભાવ છે. રમતોમાં પ્રતિસ્પર્ધીને માત આપવાની પ્રબળ ઝંખના હોવી જ જોઈએ. આપણા યુવાન ખેલાડીઓમાં આવી **Killing instict** અથવા **'winning institict'** વિકસિત થયેલી જણાતી નથી. દીર્ઘકાલિન અંગ્રેજોના ભારત પર શાસનને કારણે યુરો-અમેરિકન પ્રજા સાથેની આપણી તમામ પ્રતિક્રિયામાં આપણે સદાય લઘુતાગ્રંથીથી પીડાતા રહ્યાં છીએ. આ ગ્રંથી રમતના મેદાન પર પણ સારો એવો પ્રભાવ ધરાવતી જણાય છે. તેથી કયારેક રમત શરૂ થતા પહેલાં જ આપણે હારવાનું શરૂ કર્યું હોય છે. લોર્ડ મેકેલૉએ અંગ્રેજ સરકારને મદદ કરનાર સેવકો અને કર્મચારીઓ મેળવવા અંગ્રેજી શિક્ષણ ચાલુ કર્યું ત્યારથી ભારતની પ્રજા ભણવાની જ આગ્રહી થઈ ગઈ. "પઢોગે લીખોગે તો હોંગે નવાબ" પરિણામે રમત-ગમતને સામાજિક દરજ્જો મળ્યો જ નહીં. તેથી આપણા યુવા નવખેલાડીઓને પૂરતું **motivation** મળતું નથી, આમ આપણા રમતવીરોને ઘરમાં, સમાજમાં અથવા શાળા કે સંસ્થામાં પૂરતાં પ્રોત્સાહન, પ્રેરણા અને પ્રેરકત્વ મળતા નથી. આપલા વિશાળ દેશમાં પ્રતિભા **Talent** ની કમી ન હોઈ શકે. પણ દેશનાં દૂર-દૂરના ગ્રામીણ વિસ્તારમાંથી પ્રતિભાઓને શોધીને તેમનાં તદ્દન બાલ્યકાળથી જ તેમને સુદઢ સંસ્થા અને નિષ્ણાત તજજ્ઞોની નિશ્રામાં તાલીમ મળવી જોઈએ. આપણા રમતવીરોને - શિબિરોમાં રાખીને તેમની પાસેથી ખૂબ શ્રમ કરાવવો જોઈએ. રમતવીરોને રમતમાં આંતરરાષ્ટ્રીય ધોરણો અને તેને આંબવાના રીતરસ્તા અંગે યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી છે. ભારતમાં **Sports Academy** નથી. સાધનો નથી, સ્ટેડિયમ નથી. સ્નાનાગારો નથી. તેથી તાલીમ મેળવવા માટે જગ્યાઓ નથી. ભારત સરકારના 'સ્પોર્ટ્સ મિનિસ્ટર'ના મતાનુસાર, આપણા દેશનો માનવ વિકાસ અંક **Human Development Index (HDI)** અને માથાદીઠ આવક ખૂબ જ નીચા છે. તેથી ઓલિમ્પિકમાં વધુ ચંદ્રક જીતવાની આશા આપણે ન રાખી શકીએ. **(Indian Exp. - 19/8/12)** હકીકતમાં સ્વતંત્રોત્તર ભારતની કોઈ સરકારે રમત-ગમત ક્ષેત્રે યુવાનોનાં વિકાસ પ્રત્યે લક્ષ્ય જ આપ્યું નથી. આનાથી તદ્દન વિપરીત, રાષ્ટ્રને જાંબાજ ખમીરવંતા અને હોનહાર નાગરિક આપવા, ચીનની સરમુખત્યાર સરકારે શરૂઆતથી જ રમત-ગમત અને યુવા વિકાસ માટે ખૂબ જ ગંભીર પ્રયત્નો કર્યા.

ખેલ-કૂદ જ ઉપરોક્ત કમીઓ - ખામીઓ માટે ઉપચાર શોધીએ, ૨૦૧૬ માં બ્રાઝીલ ખાતે રમાનાર ઑલિમ્પિક માટે આપણે કમરકસવાનો આ યોગ્ય સમય છે.


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૨૨મી ડિસેમ્બર



● સ્વામી રામકૃષ્ણ પરમહંસના સહધર્મચારિણી, વિદૂષી માતાજી શારદામણી દેવીની જન્મજયંતિ - ૨૨-૧૨-૧૮૫૩.



● દુનિયાભરના ખ્યાતનામ ગણિતશાસ્ત્રી શ્રી નિવાસ રામાનુજમનો જન્મ - ૨૨-૧૨-૧૮૮૭. વિભાજન સિધ્ધાંત - ગણિતની અદ્‌ભૂત સંખ્યા 'પાઇ' અને તેના મૂલ્યો શોધવવાના સૂત્રો આપ્યા.



● અંગ્રેજ લેખિકા જોર્જ ઇલિયટ મેરીએન ઇવાન્સનું અવસાન.